# નમસ્કાર ગાંધીનગર

## પમરાટ

કાગળ મળ્યો ,શાહી મળી,અક્ષર મળ્યા મને,
શબ્દય જે મળ્યા,બધા નક્કર મળ્યા મને,
સ્વપ્નો સુગંધીદારને,સોનેમઢયા મળ્યાં,
જયાં જયાં ગયો છું ત્યાં બધે અત્તર મળ્યાં મને.

હસમુખ મઢીવાળા

## પાથેય

- રમેશ ઠક્કર

# સુગંધીદાર શમણાં...

લખવા માટે શું જોઈએ ? એક નાનકડી પેન,કોરો કાગળ અને દિલમાં આગ.આજના જમાનામાં પ્રથમ બે ચીજોનું સ્થાન ડિજિટલ રાઇટિંગ કે લેપટોપના રાઇટિંગ પેડ દ્વારા લેવામાં આવ્યું છે..પણ ત્રીજી શરતનો કોઇ વિકલ્પ નથી.લખવા માટે જઝબાત તો જોઈએ જ.અંદરનો એક જબરજસ્ત ધક્કો અને ઉઘાડ માણસને અભિવ્યકિત તરફ દોરી જાય છે.શબ્દો મળે..શાસ્ત્રીય જ્ઞાન મળી જાય.અક્ષરની આબોહવા મળી જાય એ પછી શબ્દો નક્કર ના ટપકે તો જ નવાઇ! ઘણા સર્જકો જન્મજાત આવી પ્રતિભા ધરાવતા હોય છે..એમની કોઇ કૃતિ વાંચીએ એટલે ભાવક તરીકે આપણે આપોઆપ એની સાથે કનેકટ થઈ જઈએ છીએ.સર્જક ઘણીવાર અજાણ્યો હોય તો પણ એની રચના આપણી પોતીકી બની જતી હોય છે.જો શબ્દ નક્કર હોય તો જ આવું બનતું હોય છે.

હકારાત્મક અભિગમ જેવો કોઇ પારસમણી જગતમાં નથી.જગતને આપણે જેવું જોઇએ એવું જ પરત મળતું હોય છે.ઘણા લોકો વાતવાતમાં કહેતા હોય છે કે આપણે તો સારા સાથે સારા અને ખરાબ સાથે ખરાબ ! એમાં આ વાતનો સાર પડેલો છે.જેવું વાવીએ એવું જ લણવાનું હોય છે.બાવળનું ઝાડ ઉછેરનાર રહીએ અને કેરી માટેની અપેક્ષા રાખીએ તો બેશક એ ઠગારી જ નિવડે.જે નક્કર શબ્દોના માલિક છે એને પ્રતિભાવો પણ એવા જ મળતા રહે છે.જે સુગંધીદાર સ્વપનાં જોતા હોય છે એને અત્તર આપોઆપ મળી જાય છે.સુગંધીદાર સ્વપ્ન એટલે જગત માટેનો હકારાત્મક અભિગમ..

આવા અભિગમથી શું પ્રાપ્ત કરી શકાય..?એક સરસરી શબ્દ સફર કરીએ..શ્રધ્ધાના સહારે સાત સમંદર પણ પાર કરી શકાય છે.માણસના મનમાં ઉગી નિકળતી આસ્થા એ જીવનનો અર્ક છે,જેમાં દુન્યવી તર્કને કોઇ સ્થાન હોતું નથી..ઇશ્વરે મનુષ્યને જો આશાવાદી ના બનાવ્યો હોત તો જગતનો વૈભવ આટલો નિરાળો કદાપી ના હોત.!

અખૂટ ઉમ્મીદ મુકામ ઉપર લઇ જાય છે...નિરાશા હંમેશાં અધોગામી હોય છે..પરેશાનીને આસાની બનાવે એનું નામ આસ્થા...જે જૂજવે રૂપે અનંત ભાસે છે...શ્રધ્ધા શું છે..? એ કયાં થી પ્રગટે છે..? મુશ્કેલીનો આર્તનાદ હોય કે મુસીબતોનો ઉન્માદ...જીજિવિષાની જઝબાત જગતને જીવાડે છે..પ્રાર્થનાનો પરિમલ પૃથ્વી પર પમરાટ પ્રસરાવે છે...ચોતરફ નીબીડ અંધકાર હોય..કાલીમાનું કુંડાળું હોય..હકારાત્મકતા આપણી સફરને હંકારે છે...શ્રધ્ધા અમાપ છે..અવ્યાખ્યાયિત છે..એનો કોઇ પુરાવો આપવો જરૂરી નથી..શ્રધ્ધાની સાબિતી માટે કોઇ ૭/૧૨ નો ઉતારો કે ખાતાવહી હોતી નથી...મનના પવિત્ર ભાવોમાંથી આસ્થા આપોઆપ ઉગી નિકળે છે...ઉમ્મીદ છે તો જીવન છે...જીવંત અનુભૂતિ છે..જવલંત જગત છે...!

# અંદર ધધકતી આગને બહાર લાવવાનો એક પ્રયાસ તો કરી જુઓ




જગતભરના લોકો માટે એક મસમોટો પ્રેરણાસ્ત્રોત ડેવિડ ગોગિન્સ. એનું નામ અને કામ લોકોને જબરી પ્રેરણા આપે છે. ડેવિડ ગોગિન્સને દુનિયા 'સ્ટ્રોન્ગેસ્ટ મેન ઓફ ધ વર્લ્ડ' તરીકે ઓળખે છે. ડેવિડનું વ્યક્તિત્વ અને શારીરિક માનસિક ક્ષમતાઓ અનન્ય છે. એક દિવસ સાંજે ડેવીડના એક મિત્રનો કોલ આવ્યો. એણે ડેવીડને કહ્યું, 'શું તું ચેરીટી કરીને નાણા ઊભા કરવા કોશિષ કરીશ ? શું તું ૧૦૦ માઈલ એટલે કે ૧૬૦ કિલોમીટરન લેડવીલ ટ્રેડ-૧૦૦માં ભાગ લેશે ?'

મિત્રના ફોન ઉપરની આ વાત સાંભળીને ડેવિડ થોડીવાર વિચાર કરવા લાગ્યો. એણે મિત્રને અન્ય રોકાણો અને બીજા કમીટમેન્ટ સંદર્ભે વાત કરીને આ રેસમાં જોડાવવા માટે આનાકાની કરવાની શરૂ કરી. ડેવિડ મનોમન વિચારતો હતો કે સમુદ્ર લેવલથી દસ હજાર ફીટ ઉપર અને એમાં પણ બે એવા પોઈન્ટ કે જે પંદર હજાર ફીટની ઉંચાઈએ આવેલા છે એવી દોડ હવે એના માટે અઘરી બની જશે એટલે જ પોતાની સ્ટ્રોંગ મેન ઓફ વર્લ્ડની ઈમેજનો ઢાંકપીછોડો કરતા એ મિત્ર સામે ગલ્લા તલ્લા કરવા લાગ્યો હતો. કદાચ થોડા વર્ષો પહેલાં મિત્રએ આ ફોન કર્યો હોત તો ડેવિડ તરત જ તૈયાર થઈ ગયો હોત. પરંતુ આજે સ્થિતિ જુદી હતી.

ડેવિડને વિશ્વનો સૌથી શક્તિશાળી વ્યક્તિનો ખિતાબ અમથો નથી મળ્યો. વર્ષ ૧૯૭૫માં તદ્દન સામાન્ય પરિવારમાં જન્મેલા ડેવીડનું બાળપણ ઘણું સંઘર્ષમય રહ્યું હતું. શાળામાં પણ એને બીજા બાળકો મઝાકનું કેન્દ્ર બનાવતા. યુવાનીના ઉંબરે પહોંચતા પહોંચતા એનું શરીર બેડોળ કહી શકાય એ રીતે વધી રહ્યું હતું. પણ યુવાન ડેવિડનું મન અત્યંત જાગૃત અને દ્રઢ હતું. શિક્ષણકાર્ય જેમતેમ પુરું કરીને ડેવિડ યુએસ આર્મીમાં જોડાવા માટે ગયો. પરંતુ માત્ર એક સપ્તાહમાં એણે આર્મીની ટ્રેનીંગને તિલાંજલી આપી દીધી.

ત્યારબાદ ૧૯૯૮માં મરીન કોપ માટેની વિજ્ઞાપન જોઈને ડેવિડે અરજી કરી. એણે ૧૦૦ પાઉન્ડ વજન ઉતાર્યું. નેવી સીલની કપરી તાલીમ એણે શરૂ કરી. યુ.એસ. આર્મી રેન્જર સ્કૂલ અને એર ફોર્સ એર કંટ્રોલર તાલીમ લેનારો ડેવીડ ગોગીન્સ આખા અમેરિકાનો એકમાત્ર વ્યક્તિ હતો. જુદી જુદી અલ્ટ્રા-મેરેથોન, ટ્રાયથ્લોન્સ, અલ્ટ્રા ટ્રાયથ્લોન્સ વગેરેમાં જોશભેર ભાગ લઈને ડેવીડ વિશ્વનો સૌથી સંટ્રોંગ હ્યુમન બીઈંગ બની ગયો હતો. ડેવીડ યુએસ નેવી સીલનો ખડતલ જવામર્દ છે. એણે નેવી સિલની અત્યંત કપરી તાલીમ ત્રણવાર લીધી છે. સદ્દામના ઈરાક ઉપર અમેરિકાએ ધાવો બોલાવ્યો એમાં ડેવીડનો રોલ પણ મહત્વપૂર્ણ રહ્યો હતો.



એક મહત્વની વાત એ પણ ખરી કે, જ્યારે ડેવિડ ગોગીન્સ યુએસ એરફોર્સની આખરી તાલીમ માટે પરીક્ષા આપવા ગયો ત્યારે બે વાર નિષ્ફળ થયા બાદ એ સફળ બન્યો હતો. તાલીમ દરમિયાન ડેવિડને સિકલસેલ એનિમીયાના લક્ષણ દેખાયા. અને તેને તાલીમ કાર્યક્રમમાંથી પડતો મૂકવામાં આવ્યો. જો કે એને સાજો નરવો થયા બાદ ફરી તાલીમ લેવા માટે અનુમતી આપવામાં આવી હતી. પણ ડેવીડે આ તાલીમની જગાએ યુનાઈટેડ સ્ટેટ એરફોર્સ ટેકનિકલ એર કંટ્રોલ પાર્ટીની તાલીમ સફળતાપૂર્વક પૂરી કરી.

ડેવિડે એના જીવનની કથનીનું 'કાન્ટ હર્ટ મી' પુસ્તકમાં સુંદર વર્ણન કર્યું છે. કેવી કેવી મુશ્કેલીઓની ઝંઝાવાતો એના જીવનમાં આવી અને એ બધી એણે કેવી રીતે પાર કરી. એ વાત પુસ્તકમાં એણે બયાન કરી છે. આ પુસ્તક અમેરિકા સહિત વિશ્વ સમસ્તમાં ધુમ વેચાયું. લોકેને ખબર પડી કે કેવા અસાધારણ પ્રયાસોથી ડેવિડે નેવી સીલની કપરી તાલીમ પાર પાડી. નિવૃત્તિ બાદ ડેવિડ જાહેર કાર્યક્રમો અને વકતવ્યો આપવામાં વ્યસ્ત રહેવા લાગ્યો. ડેવિડ માને છે કે, દરેક વ્યક્તિમાં એક આગ હોય છે. એમાં ડાર્ક એનર્જી છુપાયેલી હોય છે. આ ડાર્ક એનર્જી એ વ્યક્તિ જ બહાર લાવી શકે કે, જે નવા નવા પડકારો ઝીલવા હંમેશા તૈયાર હોય. જ્યારે વ્યક્તિ પડકાર ઝીલવાના બંધ કરી દેતો હોય છે ત્યારે અંદરની ડાર્ક એનર્જી જ એને બાળીને ખાખ કરી નાખે છે.

ક્રમશઃ પોતાની વ્યસ્ત જિંદગી, આરોગ્યના પ્રશ્નો, પારિવારિક વ્યસ્તતાના કારણે ડેવિડે પડકારો ઝીલવાનું બંધ કરી દીધું. પરંતુ ડેવીડ અંદરથી વ્યગ્રતા અનુભવતો હતો. એણે એનું આત્મસન્માન ખોવાતું હોવાનું મહેસુસ કર્યું. મિત્રએ કરેલા ફોન પછી એણે કરેલા બહાનાઓનું એણે જાતે પૃથ્થકરણ કર્યું. ડેવિડે વિચાર્યું કે મારા ખોવાયેલા આત્મસન્માનને ફરી પાછું મેળવવા આ રેસમાં મારે ઉતરવું જ જોઈએ. આ હતી એક વેક અપ ચેલેન્જ. એવું બિલકુલ જરૂરી નથી વેક અપ ચેલેન્જ ફિઝીકલ જ હોય એ મેન્ટલ લેવલની પણ હોઈ શકે. જેમ કે, કોઈ પરણિત યુવતી એના વિવાહીત જીવનને વધુ કિલ્લોલ કરતું બનાવવા પોતાના ઉત્સાહ અને ઉમંગને એનલાઈઝ અને ચેનેલાઈઝ કરી શકે. નવી કોઈ પ્રિતયોગિતાની તૈયારી થઈ શકે. નવા લોકો અને પ્રબુદ્ધો સાથે ચર્ચા ગોષ્ટી થઈ શકે.

આ ત્યારે જ શક્ય બને કે, વ્યક્તિ ડરના ક્ષેત્રની બહાર નીકળે અને લક્ષ્ય ભણી આગળ વધવાનો પ્રતિદિન પ્રયાસ કરવાનો નિશ્ચય કરે. ડેવિડે લેડવીલ ટ્રેડ ૧૦૦ માટે તૈયારીઓ શરૂ કરી દીધી. તૈયારી દરમિયાન એક દિવસ એ ખૂબ થાકી ગયો હતો. નાસીપાસ થઈ ગયો હતો. એના ડ્રોઈંગ રૂમમાં સોફા ઉપર બેસીને એણે પ્રેકટિસ ન કરવા માટેના કારણો બોલવા માંડ્યા. એ જે બોલતો હતો એનું એણે મોબાઈલ ઉપર રેકોર્ડિંગ કરી લીધું. થોડીવાર પછી એ રેકોર્ડિંગ એણે સાંભળ્યું. એને પોતાના અવાજ ઉપર વિશ્વાસ ન આવ્યો. એને ઘૃણા થઈ ગઈ. એણે મનોમન વિચાર્યું કે આ તો કોઈ કાયર અને કમજોર વ્યક્તિનો અવાજ છે. એ ફટાક દઈને ઊભો થઈ ગયો અને એની ડેઈલી પ્રેક્ટિસમાં જોશપૂર્વક લાગી ગયો.

સાદી વાત છે જ્યારે મનમાં પછડાટ આવે અને પોતાની જાતને બચાવવા માટે બહાનાબાજી કરો ત્યારે એ ફોન ઉપર રેકોર્ડ કરવાનું રાખવું જોઈએ. અને થોડીવાર પછી પોતાની કમજોર ક્ષણોના વિચારો સાંભળવા જોઈએ. ડેવીડના આ લેસનનો લાખો લોકોએ પ્રયોગ કરી ચમત્કારિક પરિણામો મેળવ્યા છે. ડેવીડ ગોગીન્સ અને એના મિત્ર યુએસ આર્મીના કેપ્ટન કોનોલીનો કિસ્સો પણ મઝાનો છે. ડેવિડ અને કોનોલી યુએસ એર ફોર્સની સ્કૂલમાં સાથે હતા. ત્યાં કલાસના દરેકે પાંચ પુલ અપ્સ અને પાંચ પુશ અપ્સ ફરજિયાત કરવાના રહેતા. એક દિવસ ડેવીડ એના પાંચ પુલ અપ્સ કરીને આવતો હતો ત્યારે કોનોલી એના પાંચ પુલ અપ્સ બાદ પણ સતત પુલ અપ્સ કરતો ડેવીડે જોયો. આ જોઈને ડેવિડ પોતાની જાતને અત્યંત નીચી સમજવા લાગ્યો. ડેવિડ કહે છે કે, કોનોલી આ સ્કૂલમાંથી મેડલ લઈને ઘરે જવા નહોતો આવ્યો. કોલોની એની મર્યાદાઓની પરીક્ષા લઈને એને લાંઘવા આવ્યો હતો.

કોઈ કહે કે, ફલાણા પુસ્તકના રોજ પાંચ પાના વાંચો પણ એ પુસ્તકનાં દસ, પંદર કે પચીસ પાના કેમ વાંચી ન શકાય ? ડેવીડે એના મિત્ર કોનોલીના અંદાજને હૃદયમાં વસાવી લીધો હતો. આજે સૌથી વધુ પુલ અપ્સ કરવાનો વર્લ્ડ રેકોર્ડ ડેવીડના નામે છે. આસપાસનું નકારાત્મક વાતાવરણ, આર્થિક સંકડામણ, શારીરિક તકલીફો, માનસિક અજંપો આ બધાની વચ્ચે પણ ડેવિડે આત્મચિંતન અને મક્કમ મનોબળથી માર્ગ કાઢ્યો. અંદરની આગને બહાર લાવવા એક પ્રયાસ કરવા જેવો છે. અરીસા સામે ઊભા રહી કોઈપણ હકારાત્મક કે નકારાત્મક વિચારો વગર પોતાની આંખમાં આંખ મિલાવી માત્ર સાચુ બોલીને અંદરની આગને બહાર લાવી હનુમાન કુદકો મારી શકાય છે.

**ધબકાર :**

'થાકી જાવ ત્યારે રોકાઇ ન જાવ, જ્યારે કાર્ય પુર્ણ થાય ત્યારે જ અટકો.'

- ડેવિડ ગોગિન્સ

# રખે માનતા કે, નવી-નવી સ્કીમ અને પ્લોટ માત્ર જમીન પર બનતા નથી... માણસના મગજમાં પણ બનતા રહે છે...




ઈક નઈ બસ્તી ઈલાકે મે
જહાં રોજ બન રહે હૈ - નયે નયે મકાન
મૈં અક્સર રાસ્તા ભૂલ જાતા હૂં
ધોખા દે જાતે હૈ પુરાને નિશાન
ખોજતા હૂં તાકતા પીપલ કા પેડ
ખોજતા હૂં ઢહા હુઆ ઘર
ઓર જમીન કા ખાલી ટુકડા જહાં સે મૂડના થા મુજે
ફીર દો મકાન બાદ બીના રંગ વાલે લોહે કે ફાટક કા
ઘર થા એક મંઝિલા
ઓર મૈં હર બાર એક ઘર પીછે
ચલ દેતા હૂં
યા દો ઘર આગે ઠકમકાતા
રોજ કુછ ઘટ રહા હૈ
યહા સ્મૃતિ કા ભરોસા નહીં
એક દિન મે પુરાની પડ જાતી હૈ દુનિયા
જૈસે વસંત કા ગયા ભાદો કો લોટતા હૂં
અબ યહી હૈ ઉપાય કી –
હર દરવાજા ખટખટાઓ ઓર પૂછો ક્યાં યહી હૈ વો ઘર ??

- અરુણ કમલ

આ કવિતા આજે કૂદકે ને ભૂસકે વધતા કોંક્રીટના જંગલોને જોઈને યાદ આવી ગઈ. આ નગરના હરિયાળા વાતાવરણમાં જેસીબી અને બીજા યંત્રરાક્ષસોના કાળમુખા મોઢા પેસી ગયા છે. પરિવર્તન એ સંસારનો નિયમ છે અને જૂનું પકડી રાખીને આપણે તકિયાનુંસી નથી બનવું, પણ સાચું કહો જૂના સંસ્મરણ અને યાદોને સાચવી રાખવાની જરૂર નથી લાગતી.. અમુક વિસ્તારને 'જૈસે થે' રહેવા દઈને જો વર્ષો સુધી જાળવી રાખીએ તો આવનારી પેઢી માટે એક યાદગીરી નહીં બની રહે...

યુરોપ અને ઈજિપ્તમાં ઘણી જગ્યાએ જૂના સ્થળ અને ઈમારતને સ્મારક તરીકે સાચવી રાખવામાં આવ્યા છે. ઐતિહાસિક કિલ્લા, મકબરા, મંદિર કે વાવને જાળવી રાખવાની જેટલી આવશ્યકતા છે. તેવી જ રીતે જો કોઈ આખી શેરી કે ઝાડ અથવા મહોલ્લાને યથાવત રાખીએ તો આવનારી પેઢી માટે પ્રેરણા રૂપ બની રહેશે.

જ્યારે પણ રસ્તા ઉપરથી પસાર થતા ત્યારે જે લીમડાનું ઝાડ આવતા જતા જાણે કેમ છો પૂછતું હોય તેવો ભાવ તેવી લાગણી જે વૃક્ષદેવતાને જોઈને લાગતી એ લીમડાદાદા અત્યારે દેખાતા નથી. સ્કૂલે જતી વખતે કાયમ સાયકલમાં હવા ભરાવવા માટે જે કરંજના ઝાડ નીચે પંચરવાળા ગલ્લા પાસે સાયકલમાં પંપથી હવા મારતા તે ઝાડ જ નથી રહ્યું તો મફાકાકાનો ગલ્લો અને મફાકાકા બંને તો મળે જ ક્યાંથી ?

દુનિયા સતત બદલાતી રહે છે. સંસારચક્ર ચાલતું રહે છે. કશું સ્થિર નથી. લાઈફમાં પોઝનું બટન નથી કે ઘડી બધું સ્થિર કરી દઈને બગડેલા હાલાત સુધારી દઈએ. શહેરો વચ્ચે અંતર ઘટતા જાય છે વચ્ચે આવતા ગામડા તૂટતા જાય છે. નવી નવી ફ્લેટની સ્કીમ અને ગગનચુંબી ઈમારતો ખેતરોના હરિયાળા દશ્યને ગળી ગયા છે.

ટુ બીએચકે અને થ્રી બીએચકેના વાવેતરના કારણે ઘઉં અને બાજરાના પાક અલગ થઈ ગયા છે. ગ્લોબલાઈઝેશનના કારણે થતા ફાયદા તેની પાછળ થતા છુપા હીડન ચાર્જિસ જેવા ગેરફાયદા ઢાંકીને લઈ આવે છે. ભાઈજીપુરા, ભાટ, કુડાસણ, સરગાસણ, વાવોલ, કોલવડા રાંદેસણ, સુઘડ, તારાપુર, અંબાપુર આ બધા ગામોને પણ હવે ટીપીના નવા નામે ઓળખાવાની જાણે હોડ ઉપડી છે. ખેડૂતોને પણ રાત-દિવસ મહેનત કરીને જમીનની છાતી ચીરીને અનાજ પકાવવાની પળોજણ કરવા કરતાં કરોડો રૂપિયાની રોકડી કરી લઈને જમીનના ટુકડા વેચી દેવામાં વધુ રસ છે.

હાઈવે પરથી પસાર થતા હોઈએ ત્યારે એકલું-અટુલું કોઈ ખેતર દેખાય તો તેમાં ઉભેલો ચાડિયો જાણે એવું કહેતો સંભળાય છે કે મારા સાથીદાર તો બધા ગયા, હવે કોઈ પક્ષીઓ આ કોંક્રીટના જંગલમાં આવતા નથી કે જેને ભગાડવા માટે મારી જરૂર હોય. કોઈ મને પણ અહીંથી લઈ જાય મને હવે એકલા ઊભા રહેવાનો થાક લાગ્યો છે. જૂનું ઘર, જૂનો મહોલ્લો જૂની, શેરી અને જૂનાં સંસ્મરણોનું જતન કરવું ખૂબ આવશ્યક છે. આપણે ગામડાઓ ભાંગી ભાંગીને ફ્લેટ અને રો હાઉસિસ બનાવીએ છીએ. અને વિકેન્ડ માટે વળી દૂર છેવાડે એક ફાર્મ હાઉસ ખરીદીએ છીએ. શાંતિ અને સ્વચ્છ વાતાવરણના પરિસરમાં રહેવા માટે તડપીએ છીએ પરંતુ તેનો ભંગ પણ આપણે જ કરીએ છીએ. અહીંયા રોજ કંઈક નવું બને છે કંઈક જૂનું તૂટતું જાય છે. જે જૂની હવેલીના ડાબા ખાંચામાંથી આગળ જઈએ તો રામજી મંદિર આવતું હતું તે હવેલી હવે મોલમાં પરિવર્તિત થઈ ગઈ છે. સરનામાની ઓળખ બનેલા વડલો કપાઈ ચૂક્યો છે. વેકેશનમાં જે મેદાનમાં ક્રિકેટની દસ બાર ટીમો એકસાથે અડીંગો જમાવતી તે મેદાન કોંક્રીટના ભોરિંગથી ભરાઈ ચૂક્યું છે.

વિકાસ અને વૃદ્ધિ બંને અલગ અલગ અર્થ દર્શાવતા શબ્દ છે. કહેવાતો આપણો વિકાસ એ વાસ્તવમાં વૃદ્ધિ તો નથી ને!!! નવા નવા મોલ, ઓફિસચેમ્બર્સ, એપાર્ટમેન્ટ, ફ્લેટ ઔદ્યોગિક વસાહતોની વૃદ્ધિ થતી હોય તો સામે તેટલી જમીન વૃક્ષો અને કુદરતી સંપદાઓનો વિનાશ પણ થાય જ છે ને..

કુદરતી આફતો આવે છે કારણ કે કુદરત માટે આપણે આફતરૂપ બની ગયા છીએ. સવારે ઘરેથી નીકળીને સાંજે પાછા આવીએ ત્યારે નકશો બદલાઈ ગયો હોય તેવું પણ બને. કવિ કહે છે કે વસંતમાં નીકળેલો પાનખરમાં પાછો આવતો હોઉં તેવો ભાસ થાય છે.

વળી આ પ્રકૃતિના બદલાવની અસર માણસ પર પણ પડ્યા વગર રહેતી નથી કુદરતના વાતાવરણમાં બદલાવની સાથે મનુષ્યના સ્વભાવમાં પણ પરિવર્તન આવી જાય છે. સવારે હસી-ખુશી જે વ્યક્તિ સાથે ઠઠ્ઠા-મશ્કરી કરી હોય તે સાંજે મળે ત્યારે નવા જ ચહેરે કે મહોરે દેખાય તો નવાઈ નહીં.

સ્થૂળ દુનિયામાં થતાં બદલાવની સાથે માણસના સમૂળગા વ્યક્તિત્વમાં થતા પરિવર્તનને સરખાવવાનું મન થયા વગર રહેતું નથી લાગણીસભર અને સંવેદનશીલ કૂણો માણસ ક્યારે પથ્થરની શીલા જેવો ટાઢોબોળ અને સંવેદનહીન બની જાય તેની ખબર પડતી નથી.

આ શરીર તો ઈમારત જેવું જ છે ને!! મનનો વડલો ક્યારે કપાઈને અધમૂવો થઈ જશે તેની કોઈ ગેરંટી નથી. નવી-નવી સ્કીમ અને પ્લોટ માત્ર જમીન પર બનતા નથી. માણસના મગજમાં પણ પ્લોટ અને સ્કીમ બનતી રહે છે. પ્રકૃતિ સાથેની આ રમત આપણને ભારે પડવાની છે. એક વૃક્ષના કપાવવાની સાથે આપણી અંદરથી એક સંવેદના પણ કપાઈ જાય છે. કોંક્રીટના તાબૂત ઊભા થાય છે ત્યારે હૃદયનો અણમોલ પાક પણ ધીરે ધીરે બળતો જાય છે. લાગણી, સંવેદના અને આત્મીયતા મરી પરવારતા જાય છે.

જૂના સરનામે કાગળ પહોંચતો નથી અને નવું સરનામું ખબર નથી. ગામફળની ઊંચી ટેકરી આગળ, વડલાના ઝાડ પાસે, માતાની ડેરી પાછળ, કસરતના મેદાનની બાજુમાં, આવા સરનામાવાળો કાગળ કોઈ દિવસ સ્વસ્થાને પહોંચતો નથી. કારણ કે હવે આવા કોઈ સ્થળ રહ્યા નથી. હૃદય અને મનની અંદર લોહીની બદલે સિમેન્ટ દોડવા ન લાગે તે માટે પણ થોડુંક તો થોડુંક પુરાણું સાચવી રાખીએ. મનમાં એક ખૂણો બચાવી રાખવાની જેમ શહેરનો એક ભાગ 'જૈસે થે' હાલતમાં રાખશો તો આપણું પોતાનું અસ્તિત્વ સચવાઈ રહેશે.

- jayuoza@gmail.com,
Mo.9898046488

# કિતની સચ્ચાઈ હૈ ઈન આંખો મેં ખોટે સિક્કે ભી ખરે હો જાયે




**You are my sunshine** આવું એક વાક્ય હમણાં એક નાનકડી દીકરીએ પહેરેલી ટીશર્ટમાં વાંચ્યું... આનંદ થયો. સ્વાભવિક છે કે એ દીકરી અનન્યાના માતા-પિતા અને દાદી કે નાની-નાના ને પરનાનાની સહુ કોઈ માટે અનન્યા **Sunshine** સૂર્યનો ઉજાસ હોઈ શકે.

વાંચ્યા પછી હૃદય એન મન વિચારે ચડ્યા... આમ પણ મીડિયાના માણસ તરીકે અને લેખકવકતા તરીકે મન સતત વિચારવા ટવાયેલું હોય. હમણાં એક-બે મેડિકલ ટેસ્ટ કરાવવા માટે જરૂરી હતું કે પલ્સ, નિયમ માત્રામાં રહે, સાવ નિર્વિચાર થઈને રહું તો પણ એમને એટલે કે ટેકનિશિયનને જરૂરી માત્રા કરતા પલ્સ થોડી વધેલી રહેતી હતી. મને એ કહે 'ભાઈ કોઈ વિચાર ના કરો - મેં કહ્યું નથી જ કરતો પણ તોયે મન સહજપણે તો વિચારે ચડી જ જાય છે....' આખરે ટેસ્ટ થયે, નોર્મલ આવ્યા ને હાશ થઈ...

મુળવાત એ વાક્યના વિચાર મંથનમાંથી પ્રાપ્ત થયેલી અનુભૂતિ હતી. કોઈ કોઈના માટે સન શાઈન હોય છે... અજવાળું હોય છે. આપણે સ્વાભાવિક રીતે ઉંમરના જુદા જુદા તબક્કે કોઈના માટે આ લાગણી અનુભવતા હોઈએ છીએ. તમે યાદ કરો તમે કયારે કોને તમારા જીવનમાં સન શાઈન રૂપે જોયા છે ? જોયા હતા ?

આ કોઈનામાં સનશાઈન તરીકે જોવાની અનુભૂતિના મૂળમાં હોય છે એ પાત્ર પ્રત્યેનો પ્રેમ.... માત્ર પ્રેમ.... એવો પ્રેમ જેને દુનિયાદારીના કોઈ ગણિત નથી. એવો પ્રેમ જયાં માત્ર સામેના પાત્રને રાજી કરીને પોતે રાજી રહેવાનો પ્રયાસ છે. એવો પ્રેમ જે માત્ર ને માત્ર અખંડ ધારા રૂપે વહ્યા કરે છે, પ્રસન્નતા આપે છે. આ પ્રેમની અનુભૂતિ જ આપણને એ પ્રિય પાત્રના હોવાપણાથી અજવાળુની, સનશાઈનીંગની અનુભૂતિ આપે છે. આપણને થાય છે કે એક બાજુ આખી દુનિયા અને બીજી બાજુ એક જ પાત્ર મુકીએ તો પણ આપણને એ પાત્રનું - બીજા પલ્લાનું વજન વધુ લાગે છે.

જે આપણા જીવનમાં સનશાઈન રૂપે હોય એના કારણે આપણે ઉર્જા - ઉલ્લાસથી, પોઝીટીવીટીથી, જીવીએ છીએ. એના કારણે જ આપણને દુનિયા જીવવા જેવી લાગે છે. આવા પાત્ર માટે આપણને ત્યાં હિન્દી સિનેમાના કેટકેટલા અણમોલ ગીતો લખાયા છે,ગીય - શાયરી લખાઈ છે. એકાદ બેનું સ્મરણ કરીએ.

હિન્દી ફિલ્મમાં મન્નાડેએ ગાયેલા એક ગીતની એક પંક્તિ જુઓ,

કિતની સચ્ચાઈ હૈ ઈન આંખો
મેં ખોટે સિક્કે ભી ખરે હો જાયે
આ.... હા.... હા....

કેવી અદ્ભૂત અભિવ્યક્તિ છે કે ખોટા સિક્કા પણ એની નજર પડતા સાચા થઈ જાય. તો બીજા એક ગીતમાં ગવાયું છે,

તેનું છડ્ડ કે કિત્થે જાવાં,
તુ મેરા પરછાવાં
તેને મુખડે વિચહી મેં તો
રબનું અપને પાવા....

આ પ્રિયજનમાં જ પ્રેમીને પરમાત્મા દેખાય છે અને એ જ એનો પડછાયો છે... આનાથી વધુ પ્રેમની અનુભૂતિ બીજી કઈ હોઈ શકે?

પ્રેમ પ્રેમ હોય છે, સાચો કે ખોટો નથી હોતો, ઓછો કે વધારે નથી હોતો, પ્રેમમય હોવાથી વધારે ઉત્તમ ક્ષણઓ જીવનમાં કોઈ નથી. પ્રેમ એ જ પૂજા બની જાય છે જયારે પ્રિયજન માટે આપણે પરમ તત્ત્વની - એક દિવ્ય અજવાળાની અનુભૂતિ કરીએ છીએ. યાદ કરીએ આજે આપણા માટે આવું અજવાળાના ઉત્સવ જેવું પાત્ર આપણા જીવનમાં કોણ છે ? બસ જો આ પાત્રને આપણે ઓળખી લઈએ - પામી જઈએ તો પછી પળપળ આપણા માટે એ પ્રિય ભક્તિની **SUNSHINE** આપણને અજવાળ્યા કરે છે, આપણાને ઝળાંહળાં રાખે છે. આવા **sun shine** રૂપી પ્રિયજનને કોઈ પણ ભોગે, બધ્ધું જતું કરીએ પણ વ્હાલથી વળગી રહીએ ત્યારે એના અજવાળા પથરાય છે.